નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનામાં ફેમિલી આઇ.ડી.ના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/NOA/e-file/17/2023/2955/CHH

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૫/૨૦૨૪

- 1 JUN 2024

**વંચાણે લીધા:**

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ કલ્યાણ વિભાગના તા. ૧૭/૦૪/૧૯૭૮નાં ઠરાવ ક્રમાંક: બીએમએ/૧૦૭૮/૨૦૧૬૮/છ

(૨) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ કલ્યાણ વિભાગના તા. ૨૫/૦૯/૧૯૭૮નાં ઠરાવ ક્રમાંક: બીએમએ/૧૦૭૮/મ.૫૮૮૨/છ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭/૧૨/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: SJED/NOA/e-file/17/2023/2955/CHH

(૪) નિયામકશ્રી (સમાજ સુરક્ષા) ના તા.૨૪/૦૫/૨૦૨૪ના પત્ર ક્રમાંક: DSD/0291/05/2024

**આમુખ:**

સામાન્ય વહીવટ વિભાગનાં (આયોજન પ્રભાગ) દ્વારા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં "કુટુંબ ઓળખપત્ર" (ફેમિલી આઇ.ડી.) યોજનાના અમલીકરણ માટેના રોડમેપની ચર્ચા થયેલ. જે અંતર્ગત ઉપર વંચાણે લીધા ક્રમાંક: (૧) થી રાજ્યમાં નિરાધાર વૃધ્ધો અને નિરાધાર દિવ્યાંગોના નિભાવ માટે આર્થિક સહાય યોજના અમલમાં છે. આ યોજનાના લાભાર્થીઓના અપડેશન તેમજ નવા લાભાર્થીઓની નોંધણી સમયે ચાર ઓળખના પુરાવા જેવા કે આધાર નંબર, રેશનકાર્ડ, રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. તથા ફેમિલી આઇ.ડી. ડમી ફિલ્ડ જેવી વિગતો ઉમેરવા નિયામકશ્રી(સ.સુ.) દ્વારા વંચાણે લીધા ક્રમાંક: (૨)થી દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે નિરાધાર વૃધ્ધ અને નિરાધાર દિવ્યાંગો માટે આર્થિક સહાય યોજનામાં "કુટુંબ ઓળખપત્ર" (ફેમિલી આઇ.ડી.) પ્રોજેક્ટ હેઠળ લાભાર્થીઓના અપડેશન તેમજ નવા લાભાર્થીઓની નોંધણી સમયે ચાર ડોક્યુમેન્ટ (૧)આધાર નંબર, (૨)રેશનકાર્ડ, (૩)રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. તથા (૦૪)ફેમિલી આઇ.ડી. ડમી જેવા કુલ-૦૪ ફિલ્ડ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ યોજનાની અન્ય શરતો, બોલીઓ તેમજ પાત્રતાના ધોરણો વંચાણે લીધા ક્રમાંક: (૧), (૨) અને (૩) મુજબ યથાવત રહેશે. તેમજ ઉક્ત ઠરાવનો અમલ તા.૦૧/૦૬/૨૦૨૪થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DRASHTI PANKAJBHAI SHAH
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 01-Jun-2024 (12:33 PM)

(દ્રષ્ટિ શાહ)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી , નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા, બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ (વિભાગની વેબસાઇટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)

File No: SJED/NOA/e-file/17/2023/2955/CHH Section
Approved By: Deputy Secretary,CHH Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*